જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૩/૨૦૧૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૭૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી ૯૪ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૪ બિયર ટીન કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૭૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

દુષ્પ્રેરણની ફરીયાદ :- સમાચાર યાદી નં.૪૭૬/૧૬

શાહપુર : સત્યમ વિનોદચંદ્ર પંચાલ (રહે.શંભુ પ્રસાદની પોળ, હલીમની ખડકી, દિલ્હી ચકલા, શાહપુર) એ તા.૧૨/૩/૧૬ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી સમસુદ્દીન મયુદ્દીન શેખ(જેનાં સરનામાની ખબર નથી) એ સત્યમભાઇનાં પિતા વિનોદચંદ્ર નાઓને સતત માનશીક ત્રાસ આપી હેરાન કરતાં, તા.૮/૩/૧૬ સવારનાં ૧૧/૩૦ થી સાંજનાં ૬/૩૦ વાગ્યા દરમ્યાન વિનોદચંદ્ર નાઓએ પોતાના ઘરે હિંચકાનાં હુકમાં દોરડુ બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જે.ગઢવી ચલાવે છે.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૪૭૭/૧૬

નવરંગપુરા : નિખીલભાઇ જશુભાઇ પરીખ (રહે.નેમીનાથ એપાર્ટમેન્ટ, જુની લીબર્ટી હોટલનો ખાંચો, લેડીઝ હોસ્ટેલ સામે, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૩/૧૬ બપોરનાં ૧૨/૩૦ થી સાંજનાં ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લાકડાનાં કબાટમાંથી રોકડ રૂપિયા ૨,૨૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.વી.દેસાઇ ચલાવે છે.

કાલુપુર : સતીશભાઇ તારાચંદભાઇ ચાવલા (રહે.આત્રે ઓર્ચીડ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ સ્કુલ પાસે, ઇન્દીરાબ્રીજ સરદારનગર) એ તા.૧૨/૩/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૨/૧૬ થી તા.૧૨/૩/૧૬ સવારનાં ૧૧/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન કાલુપુર કોટની રાંગ પાસે, માનવ મેન્સ કોમ્પલેક્ષમાં આવેલ પોતાની દુકાન નં.૪ અને ૫ નું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી કુર્તી, લેગીઝ અને દુપટ્ટા મળી કુલ કિંમત રૂપિયા ૪૮,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.